

# ‘પ્રકૃતિ’

‘પ્રકૃતિ’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## ‘AI’ (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ) પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે. ‘AI’ (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ). તમારી મૌલિક કૃતિ અમને 20-06-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email:sannari@gujaratmitra.in - સંપાદક




## ગુલમ્હોરની સેજમાં

ગુલમ્હોરનો કેસરી રંગ
અંગ અંગમાં ઉછળે છે
ઉમંગનો ઓચ્છવ બની
આમ્રવૃક્ષ પરથી
વહેતા કોયલના ટહુકાઓ
અનિમેષ બની
સાંભળ્યા કરું છું.
સ્તબ્ધ બની બેઠેલી
બપોરનો અવકાશ
આર્દ્ર કરી મૂકે છે
પ્રતીક્ષાના પ્રવાહમાં.
અસ્તિત્વ ઓગળવા
માંડે છે
ગુલમ્હોરની એ સેજમાં

**- શિવપ્રિયા શુક્લ**



## પ્રકૃતિમાં દૈવીશક્તિ

પ્રકૃતિના કણ કણમાં દૈવીશક્તિનો વાસ,
સર્જન અને સંવર્ધનનો દિવ્ય સહવાસ.
મા સરસ્વતી જ્ઞાનનો નિર્મળ પ્રવાહ,
મા લક્ષ્મી સમૃદ્ધિનો પ્રબળ આધાર.
મા ગાયત્રી તેજનો પવિત્ર પ્રકાશ.
મા દુર્ગા આપે છે શક્તિ અને સાહસ.
મા અંબા મમતાથી ભરે સંસાર,
પ્રેમ અને કરુણાનો અખૂટ ભંડાર.
નદી, વૃક્ષ, પવન અને ફૂલોમાં,
ઝળહળે દૈવીશક્તિ દિવ્ય ગુણોમાં
પરંતુ જ્યારે માનવ કરે પ્રકૃતિનું અપમાન,
અને ભૂલે છે સંસાધનોનું સાચું સન્માન
ત્યારે મા મહાકાળી રૌદ્ર સ્વરૂપ ધરે,
પૂર, દુષ્કાળ, વાવાઝોડાંથી ચેતવણી આપે.
ધરતી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ,
દૈવીશક્તિનો છે તેમાં પવિત્ર નિવાસ.
પ્રકૃતિનું જતન, સંસ્કૃતિની સાચી શક્તિ,
એ જ છે દૈવીશક્તિ તરફની સાચી ભક્તિ.

- સીમા પરીખ (સુરત)

## કુદરતનો સ્પર્શ

પવનની સરસર હળવી જ્યારે લહેરાય,
મનના તારો કોઇ મધુર રાગે ઝંખાય...
જાણે ધરતીએ પ્રેમની ગઝલ લખી હોય,
અને આકાશે સંગીતનો સંગાથ હોય...
નદીઓના કલકલ ધ્વનિમાં છે કાવ્ય ઝરતું,
ફૂલોની સુગંધે છે ભાવનાનું ઘર રચતું...
ટહુકતું પક્ષી જાણે કંઇક કહે છે મનથી,
એ શબ્દો સંભળાય છે હૃદયના તળજળથી...
પર્વતની નમ્રતા જેવો આંસુઓમાં સઘળો શાંત નાદ છે,
એના વકરતા પથ્થરોમાં પણ એક ઊંડો વિશ્વાસ છે...
એ ઊભો છે વ્યથા સામે અને સાથે વિનમ્રતાનો સાથ,
શબ્દોથી નથી, પ્રવૃત્તિથી સમજાવવાની છે વાત...
કુદરત એ માત્ર દૃશ્ય નથી, એ તો એક લાગણી છે,
જ્યાં પ્રેમ, શાંતિ અને આશા બધું જ સમાય છે...
ચાલ, થોડી ક્ષણ માટે સ્થિર થઇને માણીએ,
કુદરતના હૃદયમાં પ્રેમથી જીવતાં શીખીએ...

**- નિરાલી પટેલ (મોરબી)**

## અતિથિ

સમગ્ર વિશ્વની માનવસૃષ્ટિ
પ્રકૃતિની છે અતિથિ
પ્રકૃતિ છે યજમાન
માનવ સૌ મહેમાન..
સ્વચ્છતામાં જ પ્રભુતા નિહાળી
જાળવીએ પ્રકૃતિની શાન.
થઇને શ્રેષ્ઠ અતિથિ
પ્રકૃતિના નિયમોને દઇને માન
કરીએ યજમાનનું સન્માન
બનીએ ઉત્તમ અતિથિ.
યજમાનનું આતિથ્ય માણી
બનીએ પ્રકૃતિના ઋણી
થઇને શ્રેષ્ઠ અતિથિ.

**- નેહા શાહ**

## ભસ્માસુરી નાચ ( ગઝલ)

કોઇ માનેઃ છો સૂએ છે
વાસ્તવમાં બચપન મૂએ છે!
કચરો છે..કચરાગાડી ક્યાં?
કેમેરાની આંખ ચૂએ છે!
આભને અડતી મે'લાતો છે,
આભ તો ચકલીઓ ખૂએ છે
પુષ્પોની સુવાસ ગઇ ક્યાં?
કાં બદબૂ ફૂંએફૂંએ છે?
ગંગાને મેલી કીધી ને
ગંગાકાંઠે પાપ ધુએ છે?!

**-બકુલેશ દેસાઇ (સુરત)**

## આપણે સૌ ભૂલ્યાં

માન્યું કે યાંત્રિક યુગમાં જીવતા આપણે સૌ
પ્રકૃતિને પામરતા દેતા આપણે સૌ!
ચાલો, માણીએ પ્રકૃતિને આપણે સૌ
હવે ગીત એના ગાઇએ આપણે સૌ!
રંગબેરંગી પંખીઓને ફોરમતાં આ ફૂલો
વાદળિયા આસમાને ટકયા જુઓ સૂરજ-ચાંદો!
કલ કલ કરતી નદીયું સૌને જીવન દેતી
તાજું લીલું ધાવણ દઇને ધરતી ખોળો દેતી!
આપણે દીધા ઘાવ કેટલા તોયે હસતી રહેતી
સ્વાર્થ વિના સઘળું એનું સૌને દેતી રહેતી!
હે પ્રકૃતિ માફ કરજે ભાન અમે સૌ ભૂલ્યાં
યાંત્રિક યુગમાં યંત્રવત્ બનીને ફરજ અમારી ચૂક્યા!

**- રીટા સંજય વશી (સુરત)**

## ગઝલ

સઘળે દિલકશ નઝારો છે
સાથે ખુશનુમા બહારો છે
સઘળી લીલીછમ્મ ધરા પર,
પંખીના મધુર પોકારો છે.
સઘળી ખળ-ખળ વહેતી નદી,
ને નિર્મળ એનો કિનારો છે.
આ પ્રકૃતિ પણ અસબાબ જેવી,
જેનાથી ખુશીઓમાં વધારો છે.

**- ઇમરાનખાન ચાંદ (મુ.પો. કઠોર)**

## વર્ષાની ફોરમ જેવી યાદોની ભીની સુગંધ

ઊડતાં શીખેલાં પંખી પણ વિસામો લેવા વૃક્ષ,
ઝાડની ડાળી પર બેસે
સૂરજ ઊગે અને આથમે પણ બીજા દિવસની પ્રભાતે
તેના સોનેરી કિરણોની લાગે અદ્ભુત સેર,
કુદરતની છે આ અણમોલ મહેર
સૂરજના તેજ દુનિયાને રોશન કરે
પ્રકૃતિની વાતો તો છે નિરાલી
ઝાડનાં સુંદર મઝાનાં લીલાં પાન,
છે સૌંદર્યની શાન,
આંબા પરની કેરી મીઠી,
તેની છત્રછાયા તો સૌએ દીઠી,
ફૂલો તો મહેકવાનું શીખવાડે
મુસ્કુરાહટથી ગમને ભૂલવાનું શીખવાડે
ક્ષિતિજને આ પાર કે પેલે પાર
જીવનની અકબંધ લાલિમા માણવાની છે
રાત અને તારલાનો સંગ
દીપક અને પ્રકાશનો સંગ
બસ પ્રકૃતિની આ કહાની છે

**- રીટા ઉપાધ્યાય**

## નિવૃત્તિ

પ્રકૃતિ ખોળે માણું તો વન લીલુંછમ નથી,
વૃક્ષો પીળાં, પક્ષી કલરવ અને માળા નથી.
ઝાકળ પડી છતાંય આ ઉપવન ભીનું નથી,
દેખાય છે પણ પર્ણ રંગીન તો પણ લીલું નથી.
પતંગિયાં તો ઘણાં બાગમાં ઊડતાં આવે પણ,
જોઇ ફૂલનો ફૂલ રસ પણ તે લઇ ઊડ્યું નથી.
કંઇ રસ નથી પતંગિયાને કે રૂપ મારું કેવું છે,
છોડવું નથી એ ફૂલ પણ ગળપણ એમાં નથી.
બાગમાં શું આગ છે ઝાડીઝાંખરા જ દેખાય છે,
કિલકિલાટ પ્રકૃતિમાં રવ એવો ગૂંજતો નથી.
ખુશ્બૂદાર પવનની લહેર મળે નહિ અહીં,
મધુવનની મહેક બંજર જમીનમાં નથી.
દુઃખ એ વાતનું છે જે જોવાય છે તે ‘યોગી’,
અહીં પ્રકૃતિએ નિવૃત્તિ લઇ લીધી તો નથી ને?

- યોગેન્દ્ર પટેલ (સુરત)

## વિશ્વાસ

મૂક્યો વિશ્વાસ પ્રકૃતિએ, કેમ કરી તોડવો?
નહીં કરશે કોઇ નુકસાન એને,
કેમ કરી તોડવો એનો આ વિશ્વાસ?
આપે છાંયડો, આપે ફળ, કરે રક્ષા ઠંડકની,
કેમ કરી પહોંચાડીએ નુકસાન પ્રકૃતિને?
રહેઠાણ પશુપંખીઓનું આ પ્રકૃતિ,
કાઢી નિકંદન વૃક્ષોનું બાંધવા પોતાનું ઘર,
કેમ તોડીએ વિશ્વાસ અબોલ જીવોનો?
ઘટાડી પ્રદૂષણ પર્યાવરણનું કરીએ જતન.
રહેશે ખુશ પ્રકૃતિ તો સૌ માણીશું સ્વસ્થ જીવન!

**-શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**



## પ્રકૃતિની ગોદમાં

આંબાની ડાળે બેઠી કોયલડી ને
એના મધમીઠા ટહુકાઓ કોણ સાંભળે.
પ્રકૃતિ ગોદમાં પોઢેલા પહાડો,
ને ખીણમાં વહેતા ઝરણાં એને સાંભળે.
આંબાની ડાળે...
સંધ્યાના રંગે રંગાયેલો,
ડૂબતો સૂરજ એને સાંભળે.
આંબાની ડાળે...
ખળખળ વહેતી નદીઓના નીર,
ને કિનારે તરસતી વેણુ એને સાંભળે.
આંબાની ડાળે...
લાલિમાભર્યું ખુલ્લું આકાશ,
ને ઘૂઘવતા સાગરની સાંજ એને સાંભળે.
આંબાની ડાળે...
નીલ ગગનમાં ઊડતાં પંખીડાં,
ને લીલાછમ્મ વગડા એને સાંભળે.
આંબાની ડાળે...

**- હિતેન્દ્ર ટેલર. (નવસારી)**

## લઘુકાવ્યો

વરસાદ ખેંચાતા
વૃક્ષપ્રેમી
મેઘયજ્ઞ કરવા
વૃક્ષ કાપી
લાકડાની આહુતિ
આપતાં જોઇને
વૃક્ષની આંખમાં
આંસુ?!

***

સુકાયેલી ડાળને
પાનખરનું
કેન્સર થયું છે
તેથી બધાં પર્ણો
ખરી પડ્યાં છે!

**- દીપક જગતાપ (રાજપીપળા)**